# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-09-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## હિન્દી દિવસ:

હિન્દી દિવસ-૨૦૨૫ અને પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન આજથી બે દિવસ માટે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ સંમેલનનું ઉદઘાટન કરશે. આ બે દિવસના સંમેલન દરમિયાન વિવિધ સત્ર યોજાશે, અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના 6,000 થી વધુ અધિકારીઓ ભાગ લેશે.

---------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-ભુપેન્દ્ર પટેલ-સર્વાંગી વિકાસના 4 વર્ષ:

મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યાને ગઈકાલે ભૂપેન્દ્ર પટેલને ચાર વર્ષ પૂર્ણ થયા છે.આ ચાર વર્ષ દરમિયાન તમામ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થયો છે જેમાં ગુજરાતની 32 હજાર 200થી વધુ પ્રાથમિક શાળાઓના 40 લાખથી વધુ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ મળી રહ્યો છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા ‘પઢાઈ ભી, પોષણ ભી’ના ધ્યેયને આ યોજના થકી ગુજરાત સરકાર સાકાર કરી રહી છે. ડિસેમ્બર 2024માં શરૂ થયેલી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનામાં સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ, મીલેટનો અલ્પાહાર બાળકોને આપવામાં આવે છે.નાણાકીય વર્ષ 2025-26 માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે ₹617.67 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## રક્ષા દિક્ષા મહોત્સવ:

મહિલાઓમાં સ્વરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત સર્વ સમાજની 11 હજાર દિકરીઓનો "રક્ષા દીક્ષા" મહોત્સવ આજે ભુજ ખાતે મિરજાપર રોડ પર ટાઈમ સ્કવેર પાસેના મેદાનમાં યોજાશે. આજે બપોરે 2 વાગ્યે રક્ષા દિક્ષા મહોત્સવમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત વિવિધ રાજકીય-સામાજિક આગેવાનો હાજરી આપશે.વર્ષ દરમ્યાન વિવિધ ગામોમાં દીકરીઓને સંસ્કાર સાથે રક્ષાની તાલીમ આપવામાં આવી છે જે 11 હજાર દીકરીઓ એક જ સ્થળે એકસરખા પરિધાનમાં હાજરી આપી રેકોર્ડ બનાવશે, આ ઉપરાંત વધુ 5 હજાર દીકરીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મહિલાઓને સ્વરક્ષા બાબતે જાગૃત કરાશે.

---

## મોટા યક્ષનો મેળો:

ભારે વરસાદને પગલે મુલતવી રહેલા મોટા યક્ષના મેળામાં પ્રથમ દિવસે ગઈકાલે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઊમટયા હતા. સાંયરા જૂથ ગ્રામ પંચાયત મેળા સમિતિ-ભોવા પરિવારના સંયુક્ત ઉપક્રમે 13 સપ્ટેમ્બર થી 15 સપ્ટેમ્બર સુધી પુન: મેળો ખુલ્લો મુકાયો હતો. પોલીસ વિભાગ દ્વારા રસ્તા ઉપર ટ્રાફિક વ્યવસ્થા માટે પોલીસકર્મીઓને તૈનાત કરાયા હતા. આજે તથા આવતીકાલે મેળામાં મોટી સખ્યામાં સહેલાણીઓ ઊમટશે.

---

## મહેસુલી તલાટી પરીક્ષા :

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આજે મહેસુલી તલાટીની પરીક્ષા યોજાશે. મહેસુલી તલાટી વર્ગ 3 ની 2 હજાર 384 જગ્યાઓ માટે પરીક્ષાનું આયોજન કરાયું છે.આ પરીક્ષા માટે 4 લાખ 25 હજાર ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

જે પૈકી 3 લાખ 99 હજાર ઉમેદવારોએ પરીક્ષા માટે કોલ લેટર ડાઉનલોડ કર્યા છે. રાજ્યના 23 જિલ્લાઓમાં પરીક્ષાનું આયોજન કરાયું છે.1 હજાર 384 પરીક્ષા સેન્ટરોમાં આ

પરીક્ષા લેવાશે. બાયો મેટ્રિક વેરિફિકેશન બાદ ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે. તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર તૈયારીઓ પૂરી કરી લેવાઇ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ પરીક્ષા યોજવામાં આવશે.

---

## એશિયાકપ:

એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં આજે એશિયાના બે મહત્વનાં રાષ્ટ્રો ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે જંગ ખેલાશે. દુબઇ ખાતેની મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ભારતે સંયુક્ત આરબ અમીરાતની ટીમને નવ વિકેટે હરાવી વિજયી પ્રારંભ કર્યો છે. તો પાકિસ્તાને ઓમાનને 93 રને હરાવી પ્રથમ જીત હાંસલ કરી છે.

---

## રાષ્ટ્રીય લોક અદાલત:

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના દિશાનિર્દેશ હેઠળ કચ્છની રાષ્ટ્રીય લોક અદાલતમાં સિવિલ દાવા, વાહન અકસ્માત વળતર, ચેક બાઉન્સ સહિતના અન્ય સમાધાનલાયક કેસો નિકાલ માટે મૂકવામાં આવ્યા હતા. જિલ્લામાં આયોજિત રાષ્ટ્રીય લોક અદાલતમાં 3388 પ્રીલીટીગેશન કેસો, સમાધાનલાયક 969 કેસ અને સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સિટીંગના 3779 કેસ મળી 8136 કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. 24.17 કરોડ રૂપિયાના ચુકાદા પણ આપવામાં આવ્યા હતા. લગ્નવિષયક 49 કેસમાંથી નવ કેસનો સમાધાન રાહે નિકાલ થયો હતો. ભરણપોષણ અંગેના 140 કેસ મુકાયા હતા, જેમાં 54 કેસમાં સમાધાન થયું છે, 27 કેસમાં પતિ-પત્ની વચ્ચે સમાધાન થતાં સાથે રહેવા સંમત થયા હતા. ભુજમાં પ્રિન્સિપાલ જજ ફેમિલી કોર્ટમાં 63 કેસનો સમાધાન રાહે નિકાલ થયો હતો.

---